# નેક અને પાક ઈરફાન

--જુગલકીશોર વ્યાસ

બેઠી દડીનો ને ૠજુ સ્વભાવનો ઈરફાન કોઈની ભલામણ લઈને એક દીવસ અમારી ઑફીસે આવ્યો. એક સુક્ષ્મ સંકોચ એના ગાલે પડતાં ખંજનોમાં ડોકાતો હતો. વાંકડીયા વાળ ચીપીચીપીને ઓળ્યા હતા. બોલવાનુંય એનું ચીપીચીપીને જ થતું લાગે.

બેકરીની આઈટેમો ઈરફાન બનાવી જાણે. કેક બનાવવાની તો માસ્ટરી ! હીન્દુ કુટુંબોમાં એની એગલેસ(ઈંડાં વગરની) કેક બહુ વખણાય. કેક તો ઈંડાંથી જ બને એવી માન્યતાવાળાં હીન્દુ કુટુંબોને કેકની મઝા માણવા મળતી નહોતી. આવા વાતાવરણમાં ઈંડાં વગરની કેક બનાવી આપીને તે ઘણાં કુટુંબોનો પ્રેમ જીતી આવેલો. ઈંડાંની બાદબાકી કરીને અને પોચી રુ જેવી કેક બનાવી આપીને તેણે ભારે લોકપ્રીયતા મેળવી હતી.

મને હમેશાં થતું કે ઈરફાન બેકરી-ઉત્પાદનના સફળ કારીગર કરતાંયે જો બેકરી આઈટેમો શીખવનાર શીક્ષક બને તો? મારે મન તેનામાં રહેલી આ કળા, તે ઘણાને વહેંચે તેનું મુલ્ય વધુ હતું. જો કે કોઈને કશું 'શીખવવા'નો અનુભવ તો એને હતો જ નહીં.

અમારી યોજનામાં તો કોઈપણ ઉંમરનાંને ભણાવવાનું રહેતું હોઈ, તે પોતે પ્રૌઢ બહેનોને શીખવી  શકશે એ બાબતે એને શંકા હતી. એટલે મારી પાસે જેમણે તેને મોકલેલો તેમણે આપેલી જાણકારી મુજબ, આવી ભણાવવાની કામગીરી માટેની પોતાની અણઆવડતથી થતી મુંઝવણ પણ એના ચહેરા પર તે વેળા ચીતરાયલી હતી.

બહેનોના તાલીમ વર્ગોમાં મેં તો તેને એટલું જ કહેલું કે, "જે કાંઈ તમને આવડે છે તે જાણે તમારી જાતને જ શીખવતા હો એવી રીતે મોટેથી બોલતાં બોલતાં વાનગી બનાવતાં જજો. એની નોંધ કેવી રીતે લેવી એ અમે બહેનોને શીખવી દઈશું. એ લખાણને સાઈક્લોસ્ટાઈલ કરાવીને વર્ગનોંધ રુપે વહેંચી દઈશું, તમે એની ચીંતા કરશો નહીં.તમે તો તમને જે આવડે છે તે ઉત્તમ ચીજો, ઉત્તમ રીતે, સૌની હાજરીમાં બનાવી દેખાડજો. હા, સાથે સાથે જ બોલતાં રહેવાનું ભુલતા નહીં ! એ જ તમારો તાલીમવર્ગ અને એ જ તમારું ટીચર તરીકેનું કાર્ય !"

પછી તો બહેનોનાં ઝુંડ વચ્ચે બેકરીની મઝાની વાનગીઓ તે સંકોચશીલ યુવાન બનાવતો રહ્યો. વાનગીઓ બનાવતાં શીખવતાં શીખવતાં પોતે ક્યારે સારો શીક્ષક બની ગયો એની તેને ખબર જ રહી નહીં ! પરંતુ અમદાવાદ અને આસપાસના વીસ્તારોમાંથી "અમારે ત્યાં ઈરફાનભાઈનો વર્ગ ક્યારે ગોઠવો છો ?" એવી માંગ સતત આવતી અને વધતી જ ગઈ. એ પછી પણ તે તો જાણે જાત સાથે વાતો કરતો હોય એમ જ સૌને શીખવતો રહેલો.

નર્યો પાક મુસલમાન. એક દીવસ જમીન ખોતરતો હોય જાણે એમ જ હાથના નખની સાથે ગડમથલ કરતાં કરતાં કહે, "સાહેબ, મને મારી ઑફીસમાં માર્કેટીંગ વીભાગમાંથી સ્ટોરમાં મુકી દેવામાં આવ્યો."

"કેમ એવું થયું ?" એમ મેં પુછ્યું તો કહે : 'મને એટલા બધા ઓર્ડર્સ મળવા લાગ્યા કે ઉત્પાદનમાં બધા પહોંચી વળતાં નહીં હોય ને કામ વધુ ખેંચવું પડે એથી વીરોધ થયો હશે."

"ખુદા જે કરે તે સારા માટે. તમતમારે તાલીમમાં વધુ ધ્યાન આપવા માંડો." મેં કહેલું.

થોડા દીવસો પછી તેની તકલીફો વધ્યાનું પણ કહ્યું; નવા ડીપાર્ટમેન્ટમાં ઘીના ડબ્બાઓમાં તેણે જોયું તો ખોરાં ઘીના ડબ્બાઓનું પ્રમાણ ઘણું રહેતું ! આ પાક માનવીને એ ગમતું નહીં. તેને મનમાં થયું હશે કે ખોરાં ઘીથી ડરીનેય જો પોતે નોકરી નહીં છોડે તો પણ તેના 'ચોખ્ખા' સ્વભાવથી ડરીને તેના શેઠ જ તેની નોકરી છોડાવી દેશે એક દીવસ! જો કે હું એને નોકરી બદલવાનું કહી શકું એમ નહોતો. તાલીમ વર્ગો તો ફાજલ સમયના જ અને વળી પાર્ટટાઈમ હોય. એના આધારે ગુજારો થાય પણ નહીં. પણ ખુદા તેના માટે નવી નવી દીશાઓ ખોલવા આતુર હશે કદાચ. તેને ક્યાંક બીજે નાની એવી નોકરી મળી ગઈ એ સ્વીકારીને તેણે મન મનાવ્યું.

અમે બંને એ વાતનો વસવસો ને ખરખરો એકબીજા પાસે કરીએ ન કરીએ ત્યાં તો એક દીવસ એ અત્યંત પ્રફુલ્લીત ચહેરે આવ્યો. આટલો પ્રફુલ્લીત ઈરફાન એના સંકોચશીલ ચહેરા ઉપર ક્યારેય ડોકાયો નહોતો ! મેંય એ અચરજના માર્યાં પુછી નાખ્યું, "ક્યું મીયાં, કુછ શાદી-વાદીકે ઝમેલેમેં તો નહીં પડે ? બાત ક્યા હૈ જનાબ ?" તો કહે, "સાહેબ, તમારા સૌની શુભેચ્છા અને તમારી સંસ્થાના સર્ટીફીકેટે બહુ મોટું કામ કર્યું . મને ફરતી હોટેલમાં 'કુક' તરીકે નોકરી મળી ગઈ છે !!"

એ લક્ઝુરીયસ હોટેલના ટેબલ પર, શહેરની રોનક માણતાં માણતાં જ જાણે નાસ્તો કરતો હોઉં એમ તેણે આપેલા સમાચાર હું મમળાવતો રહ્યો, ક્યાંય સુધી...! કુદરતની કેવી બલીહારી છે ! આટલો શરમાળ પણ નેકદીલ આ છોકરડો ક્યાંથી ક્યાં પહોંચી ગયો ! એ દીવસે મન મુકીને ઘણી વાતો અમે કરી.

મહીનાઓ વીતી ગયા. એકવાર તેણે મને પોતાના કાળુપુર બાજુના મકાને બોલાવ્યો. સાંકડું એવું એ મકાન. સાવ તકલાદી એવી સીડી. માળ ઉપર ચડવાની મને તેની મનાઈ છતાં ઉપરને મેડે જઈ હું તેનાં ઘરડાં માબાપને મળ્યો. માળીયા જેવા ઘોલકામાં તેનાં વડીલોને વંદન કરીને મેં તેમને આવા શરમાળ, નેકદીલ અને મહેનતુ દીકરા માટે મુબારકબાદી આપી.

અહીં સુધી ઈરફાન અમારો હતો. અમે તેને વ્યવસ્થીત અને લોકપ્રીય શીક્ષક બનાવ્યો હતો. ઘરઘરમાં બેકરીની સ્વાદીષ્ટ વાનગીઓ બનતી કરી મુકનારો તે સૌનો માનીતો તો, અમારા વર્ગોને કારણે થયો હતો. સંસ્થાના પ્રમાણપત્રથી જ એ આગળ પણ વધ્યો હતો.

પરંતુ હવે પછી જે ઈરફાન પ્રગટવાનો છે તે અમારો નથી. પોતાના જ આત્મબળે આગળ વધનારો ઈરફાન હવે આવી રહ્યો છે. એના મેડા ઉપર મળ્યા પછી બે વાર તે ઑફીસે મળવા આવ્યો હતો, અને બંને વખત અત્યંત આનંદીત કરી મુકે એવા સમાચારો લાવ્યો હતો.

પહેલી વાર આવીને, જાણે સહજ હોય એમ કહે, "સાહેબ, મુંબઈની તાજ હોટેલની જ એક સીસ્ટર કન્સર્ન, મોટી હોટલમાં મને કુક તરીકે નોકરી મળી છે. હવે અમદાવાદ છોડું છું."

પણ બીજી વાર જ્યારે આવ્યો, મહીનાઓ બાદ, ત્યારે ભારત છોડવાની વાત લઈને આવ્યો ! કહે, "મુંબઈની હૉટલમાં કોઈ અમેરીકન સાહેબોએ મને શોધી કાઢ્યો ! ખબર નથી, કોણે તેમને મારું કામ બતાવ્યું હશે ! તે લોકો મને કહે છે કે અમેરીકાના સાગરકાંઠે, સહેલાણીઓ માટે ફરતી રહેતી વીશાળ સ્ટીમરમાં જોડાવાની તક તમને મળી રહી છે. મેં તો સાહેબ, 'વીચાર કરીને જણાવું છું' એમ કહ્યું છે. ઘરે સૌને પુછવા... અને..."

અને એના વાક્યને અધુરું જ રખાવીને મેં પાદપુર્તી કરી દીધી, "અને બને તો શાદીનુંય ગોઠવી લેવા આવ્યો એમ જ ને ?"

ચહેરાની કેક ઉપર શરમના શેરડાથી ક્રીમ વડે ડીઝાઈન પાડતો તે નખને રમાડતો રહ્યો. મેં બંને બાબતે મુબારકબાદી આપીને તેને વીદાય કર્યો. મારા જ ઘરનું કોઈ અમેરીકા જઈ રહ્યું હોવાનો અહેસાસ અને તેનો આનંદ મેં ક્યાંય સુધી માણ્યા કર્યો.. એ કશુંક એવું મુકતો ગયો જેને આજ સુધી સાવ સહજતાથી આરા અંતરમાં સાચવી શકાયું છે.

હીન્દુ મહીલાઓને એગલેસ કેક શીખવીને ખવડાવવામાં પરમ સંતોષ અનુભવતા અને 'ખોરાં' ઘીના ડબ્બા જોઈ અકળાતા એ શરમાળ ઈરફાનને, અમેરીકાના દરીયાઓ વચ્ચે, અનેકાનેક વેજ-નોનવેજ વાનગીઓ બનાવીને, સૌનો સંતોષ ઉઘરાવતો હું કલ્પી શકું છું. બેઠી દડીનો, સંકોચશીલ સ્વભાવનો, પોતાની શક્તી વીશે સાવ અજાણ, તે ઋજુ, પાક યુવાન મારી લાંબી શૈક્ષણીક કારકીર્દીનું એક વીશેષ અને મનભાવન પાત્ર છે.

ક્યાં હશે આજે અમારો આ ઋજુ ઈરફાન ! જ્યાં હશે ત્યાં ખુદાએ એને એની પાક અને નેકદીલીની અમાનતથી ખુશહાલ જ રાખ્યો હશે...

--જુગલકીશોર વ્યાસ
સંપર્ક : ૧૨- સત્યનારાયણ સોસાયટી-૧, વેજલપુર રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૧
ફોન : (૦૭૯) ૨૬૮૧ ૦૪૪૬ ઈ-મેઈલ : jjugalkishor@gmail.com
*લેખકના બ્લોગ્સઃ-*
http://jkishorvyas.wordpress.com
http://jjkishor.wordpress.com
http://jgurjari.wordpress.com
http://jukishor.wordpress.com

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 136 – –January 13, 2008
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ sunras2226@yahoo.co.in



સર્જક પરીચય

ઉમરાળા(જી.ભાવનગર)માં સને ૧૯૪૪માં જન્મેલા શ્રી. જુગલકીશોર વ્યાસ, લોકભારતી સણોસરામાં પ્રથમ વર્ગ સાથે સ્નાતક થયા અને ગુજરાતી વીષય સાથે એમ.એ.માં પણ પ્રથમ વર્ગ મેળવી શીક્ષક-વ્યાખ્યાતા તરીકે કાર્યરત રહ્યા. ત્યાર બાદ ગાંધીજીએ સ્થાપેલા મજુર મહાજન સંઘમાં અને છેલ્લે ભારત સરકારના પ્રૌઢશીક્ષણ વીભાગની વ્યાવસાયીક તાલીમ માટેની સંસ્થામાં શ્રમીકોના સર્વાંગી વીકાસના શીક્ષણક્ષેત્રમાં ડાયરેક્ટર તરીકે વીવીધ શૈક્ષણીક સંસ્થાઓમાં કામગીરી કરી સને ૨૦૦૨માં નીવૃત્ત થયા.

શાસ્ત્રીય સંગીત, વાચન-લેખનથી માંડી કમ્પ્યુટરની વીવીધ કરામતોમાં રસ-રુચી ધરાવનાર આ શીક્ષકજીવ કદી નીવૃત્ત થાય ખરો? મંડ્યા વીવીધ શીક્ષણ-સંલગ્ન ઈતર કામગીરી કરવા અને કમ્પ્યુટરની જાણકારી મેળવવા. આજે તેઓ ઈન્ટરનેટ પર ભાષા-સાહીત્યના ચાર બ્લોગ્સના સફળ સંચાલન મારફ્ત ગુજરાતીના ચાહકો-વાચકોને નીયમીત વાચન રસથાળ પીરસતા રહે છે. પોતે કવી-લેખક અને વીવેચક છે. નવોદીત કવીઓને સરળ ભાષામાં છંદશાસ્ત્ર તથા વ્યાકરણના પાઠો પણ શીખવે છે. વળી શાસ્ત્રીય સંગીત પ્રત્યે વીશેષ રસ-રુચી ધરાવે છે.

'ગુજરાત સમાચાર', 'જયહીંદ' જેવા દૈનીકોમાં અને 'કોડીયું' જેવા સામયીકોમાં તેઓ લખતા રહ્યા છે. **'શ્રમીક શીક્ષણની દીશામાં', 'એક ચણીબોરની ખટમીઠી', 'ઔષધીગાન', 'મારે વીશે 'હું' અને એક વી.આઈ.પી.ની આત્મકથા'** જેવાં વીવીધ વીષયોનાં પુસ્તકો આપનાર જુગલકીશોરભાઈ હજીય લેખન-સંપાદનની કામગીરીમાં સદા પ્રવૃત્ત રહી ભાષાની સેવા કરે છે.

--ઉત્તમ ગજ્જર અને સુનીલ શાહ

• ● •

**શુક્રવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે ગુજરાતીલૅક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણને આજે બરાબર બે વરસ પુરાં થાય છે.** આ બે વરસમાં **6,25,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com લૅક્સીકૉનની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લૅક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

***વપરાશકારોના મળેલાં મુલ્યવાન સુચનો અનુસાર અમે www.gujaratilexicon.com ના ઉઘડતે પાને જ અમારું 'સરસ ગુજરાતી સ્પૅલચૅકર' આકૃતી સાથે ડાઉનલોડ લીંક જોડી મુક્યું છે. આપ તે ડાઉનલોડ કરો અને તેની ક્ષમતા ચકાસી સુચનો મોકલો એવી વીનંતી કરીએ છીએ.***

આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના **8,000** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે. સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/index.php?action=downloadSeM પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બૉર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

## ● મધુરેણ સમાપયેત્ ●



ફોટો સરસ છે..., ક્યારે..? જીવતા'તા ત્યારે પડાવેલ?


પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ **શ્રી. મહેન્દ્રભાઈ શાહ**નો

ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com

એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની

web site : www.ameamericanamdavadi.com



'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **136 – –January 13, 2008**

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ **sunras2226@yahoo.co.in**


### *-એટલે વીસમી વખત*

*"છોકરાંઓને એકની એક વાત વીસ વીસ વખત કહેતાં તમને કંટાળો નથી આવતો?" એવો સવાલ કોઈ શીક્ષકને કોઈએ કર્યો.*

*તેણે જવાબ આપ્યો : "ઓગણીસ વખત કહેલું નકામું ન જાય, એટલા માટે વીસમી વખત કહું છું"*

*કેળવણી એક લડત છે. શીક્ષકોનો પક્ષ હારી બેસશે, તો જગતની શક્તી નામશેષ થઈ જશે. એક જ રસ્તો છે : ફરી ફરી સમજાવો, ફરી ફરી જાગૃત કરો, અકથ્ય ધીરજ ધરો. -કાકા કાલેલકર*


'અરધી સદીની વાચન યાત્રા'-ભાગ-બે (સંપાદક : મહેન્દ્ર મેઘાણી, પ્રકાશક : ગોપાલ મેઘાણી, લોકમીલાપ ટ્રસ્ટ, પો.બો. 23, ભાવનગર-364 001, પૃષ્ઠ : 590, મુલ્ય : 75 રુપીયા, વીદેશમાં : $ 8 વીમાન-ટપાલખર્ચ સાથે)ના પાન 120 પરથી સાભાર-- સંપર્ક : **lokmilaptrust2000@yahoo.com**


◆●◆